દાખલ તારીખ : ૧૬/૧૨/૨૦૨૨
રજીસ્ટરે લીધા તારીખ :૧૬/૧૨/૨૦૨૨
નિકાલ તારીખ : ૨૨/૧૨/૨૦૨૨
સમય : વ. મા. દિ.

૦૦ ૦૦ ૦૪

# અમદાવાદ (ગ્રામ્ય)ના મહે. નવમા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ.

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૩૯૫૮/૨૦૨૨**

**આંક:**

**અરજદાર :** **દુર્ગાસિંગ પુનમસિંગ રાવત**

ઉ.વ.૩૭, ધંધો– ડ્રાઈવીંગ, ધર્મે–હિન્દુ,

રહે. ગામ–સીરમા, તા.રાયપુર, થાના–સેંદડા,

જી.પાલી, રાજસ્થાન.

(હાલ–સાબરમતી સેન્ટ્રલ જેલ.)

**વિ રૂ ધ્ધ**

સામાવાળા . શ્રી સરકાર.

**બાબત : ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

ગુન્હો: સોલા હાઈકોર્ટ પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૨૧૧૫૧/૨૦૨૨
પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી), ૮૧, ૯૮(૨) તથા ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ.

**અરજદાર તરફે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એચ.ડી.સોની**
**સામાવાળા તરફે વિધ્વાન સ્પે.પી.પી.શ્રી જે.સી.પટેલ**

**-: હુકમ :-**

૧. ફરીયાદી ધ્વારા આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ સોલા હાઈકોર્ટ પો. સ્ટે. ગુ.ર. નં.૧૧૧૯૧૦૪૫૨૨૧૧૫૧/૨૦૨૨, પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧, ૯૮(૨) તથા ઈ.પી.કો. કલમ -૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.

સદરહુ ગુન્હાના કામે આ ગુન્હાના તપાસ અધિકારી ધ્વારા હાલના અરજદાર/આરોપીની અટક કરી વિ.મેજી.શ્રી ની કોર્ટ રૂબરૂમાં રજૂ કરતા રીમાન્ડનો સમય પુરો થતા વિ. મેજી. કોર્ટથી તેઓને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામા આવેલ ત્યારથી હાલના અરજદાર/ આરોપી કોર્ટની જયુડીશીયલ કસ્ટડીમા છે, તેમ જણાવી હાલની ક્રિ.પ્રો.કો.કલમ-૪૩૯ અન્વયેની જામીન મુકત થવા સારુ હાલની અરજી, અરજીમાં જણાવેલ કારણોસરની કરેલી છે.

૨. ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, તા.૧૦/૧૨/૨૦૨૨ ના કલાક ૦૪:૪૫ વાગે ગોતા, વંદે માતરમ ક્રોસિંગ રોડ, રોયલ વ્યુ લેકની સામે આવેલ અંબાલાલ એસ્ટેટમાં આવેલ ઈનોફલેક્ષ ઈન્ડ્રસ્ટ્રીઝની પાસે આવેલ ખુલ્લી જાહેર જગ્યામાં રેઈડ દરમ્યાન આરોપી દુર્ગાસિંગ ની ટ્રક આર.ટી.ઓ. નં.આર.જે.૧૪ જી.એન.૧૬૩૯ માંથી મળી આવેલ ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશી દારૂની કુલ પેટીઓ નંગ-૧૫૧ જેમાં ૭૫૦ મી.લી.ની કુલ દારૂની બોટલો નંગ-૧૮૧૨ કિંમત રૂા.૯,૦૬,૦૦૦/- તથા ટ્રક કિંમત રૂા.૧૫,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૨ તથા રોકડા નાણાં રૂા.૨૧૫૦/- તથાટ્રકની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ, ટ્રાન્સપોર્ટ પરમીટની ઝેરોક્ષ નકલ તથા સદરી ટ્રકની આગળ પાછળ લગાડેલ ખોટી નંબર પ્લેટો નંગ-૨ ના મુદ્દામાલ સાથે પકડાયેલ ઈસમ ને નહી પકડાયેલ રફીકભાઈ રહે. અજમેરનાએ પંજાબ ખાતેની કોઈ જગ્યાએથી પ્રોહી જથ્થો ટ્રકમાં ભરી આપી તે દારૂ ભરેલ ટ્રકને અત્રે અંબાલાલ એસ્ટેટમાં આવેલ ઈનોફલેક્ષ ઈન્ડસ્ટ્રીઝની આજુબાજુ

પહોંચી ફોન કરેથી તેઓના જણાવેલ માણસોને સદરી વિદેશી દારૂ કટીંગ કરી આપવાનું જણાવી તેમજ સદરી દારૂ ભરેલ ટ્રકની આગળ પાછળ ખોટી નંબર પ્લેટ લગાડી તેનો ઉપયોગ કરી તે દારૂ ભરેલ ટ્રક સાથે પકડાઈ જઈ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે, તે મુજબની ફરીયાદીની ફરીયાદના આધારે પોલીસે હાલના આરોપી સામે પેરા નં.૧ ની વિગતે જણાવ્યા મુજબનો ગુનો દાખલ કરેલ છે.

૩. વધુમાં અરજદાર તરફે હાલના ગુન્હાના કામે જામીન મુકત થવા સારુ જે કારણો જણાવેલ છે તે જોતા તેમજ તેઓના વિ.વ. શ્રી દ્વારા કરવામા આવેલ વિસ્તૃત રીતેની મૌખિક રજુઆત જોતા હાલના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે, અરજદાર/આરોપીનો ડ્રાઈવર તરીકેનો રોલ છે મુદ્દામાલ વિશે કાંઈ જાણતા નથી. ટ્રકના માલિકે મુદ્દામાલ ડનલપ ગાદલા છે તેમ કહી ભરી આપેલ છે. કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી. કબજે થયેલ મુદ્દામાલના તેઓ માલિક નથી કે ટ્રકના માલિક નથી. ફકત ટ્રક ચલાવીને લાવેલા છે. અરજદાર/આરોપી ઘરમાં એકમાત્ર કમાનાર છે, કુટુંબ કબીલાવાળા છે અને ઘરની જવાબદારી પોતાના શીરે છે, કેસ ચાલતા ઘણો લાં બો સમય જાય તેમ છે તેમજ વધુ સમય જેલમાં રાખવામાં આવે તો કુટુંબ કબીલાને ભુખે મરવાનો વારો આવે તેમજ પ્રિ ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે તેમ જણાવી તેઓને હાલના ગુન્હાના કામે જામીન પર મુકત કરવા વિનંતી કરેલી છે.

૪. અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અંગે સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિધ્વાન સ્પે.પી.પી.શ્રી જે.સી.પટેલ હાજર થયા છે અને સોગંદનામાની હકીકત જણાવી એવી રજુઆત કરેલ છે કે, આ કામે અન્ય આરોપીઓ પકડવાના બાકી છે, તપાસ હાલમા ચાલુ છે, મુદ્દામાલ વિદેશી દારૂ હતો તે અંગે અરજદાર/આરોપીને જાણકારી હતી. આ કામે ટ્રકના આગળ પાછળ ખોટી નંબર પ્લેટ લગાડેલ છે અને તે વિશે પણ તેઓ માહિતગાર હતા આમ,

ગુન્હામાં સક્રિય ભાગ ભજવેલ છે અને અરજદાર/આરોપી તમામ હકીકત જાણતા હતા તેમ છતાં ટ્રક લઈને આવેલા છે, અરજદાર/આરોપી પ્રોહી. અંગેની પ્રવૃત્તિ કરતો હોય અને ભવિષ્યમાં બીજા ગુન્હા કરવાની સંભાવના હોય તેમજ સરકારની પ્રોહીબીશનની કડક અમલવારી સારૂ કાયદો કડક બનાવેલ હોય અરજદાર/આરોપીની હાલની જામીન અરજી ના–મંજુર યાને રદ કરવા અરજ કરેલી છે.

૫. આ કામે પક્ષકારોની રજુઆત તથા રજુ થયેલ પોલીસ પેપર્સ જોતાં અરજદાર/આરોપી સામે જે ગુન્હાનો આક્ષેપ છે તે જે.એમ. એફ.સી. ટ્રાયેબલ ગુન્હાનો આક્ષેપ છે, આમ આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુન્હાનો આક્ષેપ નથી. આ કામે મુદ્દામાલ રીકવર થઈ ગયેલ છે તેમજ સાહેદોના નિવેદન લેવાઈ ગયેલ છે એટલેકે તપાસ મહૃદ અંશે પૂર્ણ થયેલ હોવાનું જણાઈ આવે છે તેથી આરોપીની ઉંમર તથા રજુઆતની સાથે સાથે ટ્રાયલ દરમ્યાન હાજર રહેવા તેમજ નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા આપેલ ખાતરી વિગેરે હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપીની હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના હિતમા હાલની અરજી તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

<u>**–:: હુ ક મ ::–**</u>

અરજદાર/આરોપીની હાલની અરજી મંજુર કરવામા આવે છે.

અરજદાર/આરોપી **દુર્ગાસિંગ પુનમસિંગ રાવત,** રહે. ગામ–સીરમા, તા.રાયપુર, થાના–સેંદડા,જી.પાલી, રાજસ્થાનનાઓને સોલા હાઈકોર્ટ પો. સ્ટે. ગુ.ર. નં.૧૧૧૯૧૦૪૫૨૨૧૧૫૧/૨૦૨૨, પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧, ૯૮(૨) તથા ઈ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા.૧૦,૦૦૦/– રોકડ જામીન તથા રૂા.૧૫,૦૦૦/–અંકે રૂા. પંદર હજાર પુરાના સ્થાનિક સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત અદાલત સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદી પક્ષના સાહેદી પુરાવા સાથે ચેડા કરવા કરાવવા નહી તેમજ ફરીથી આ પ્રકારના ગુનામાં સંડોવાવું નહી.

(૨) અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે તેના કાયમી તથા હાલના રહેણાંકનુ સરનામુ તેના આધાર પુરાવા તથા મોબાઈલ નંબરની વિગત સાથે સંબંધિત અદાલતમાં રજૂ કરવુ અને તેમા બીજો હુકમ થતા સુધી કોઈ ફેરફાર કરવો નહી.

(૩) અરજદાર/આરોપીએ આ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી, તેમજ જો તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તાત્કાલિક સંબંધિત અદાલતમાં જમા કરાવવો અન્યથા ધરાવતા નથી તે મતલબનુ સોગંદનામુ રજુ કરવુ.

(૪) અરજદાર આરોપીએ આ ગુનાના કામે ચાર્જશીટ થતા સુધી દર મહીનાની ૧ લી અને ૧૫ મીતારીખે સવારના કલાક: ૧૧ –૦૦ થી સાંજના ૨૦–૦૦ કલાક દરમ્યાનના ગાળામા હાજર રહી નિયમીત રીતે હાજરી પુરાવવી અને તપાસ કરનારે અરજદારની હાજરી બાબતે સંબંધિત કોર્ટને વિગતવારનો બિનચુક રીપોર્ટ કરવો.

હુકમ મુજબની યાદી સંલગ્ન કોર્ટ તથા પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ તારીખ ૨૨મી માહે ડીસેમ્બર, ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ. (એ.એમ. વર્મા )
તારીખ:૨૨/૧૨/૨૦૨૨ નવમા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય)અમદાવાદ.
UAP જી.જે. ૦૦૫૭૭